Gujarati Midday Pg 10, 24th Feb 2022

# ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં સુધારો : મુખ્ય કરન્સીઝમાં પાંચ ટકા સુધીની વૃદ્ધિ થઈ

**રશિયા**-યુક્રેન વચ્ચે વધેલી તંગદિલીને લીધે ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં શરૂ થયેલી વેચવાલી હવે થંભી ગઈ છે. અમેરિકાએ રશિયા પર પ્રતિબંધો લાદવાની જાહેરાત કર્યા બાદ રશિયા હવે ઠંડું પડ્યું છે. યુનાઇટેડ કિંગડમે પણ આકરાં પ્રતિબંધો લાદવાની ચેતવણી આપી છે.

રશિયાના શૅરબજારમાં પણ ઉછાળો આવ્યો હોવાના અહેવાલો વચ્ચે બુધવારે લેયર-૧ના કૉઇનમાં નોંધપાત્ર સુધારો થયો હતો. કાર્દેના, અવાલાંશ અને ટેરામાં દ્વિઅંકી વૃદ્ધિ જોવા મળી હતી. બીટકૉઇન ૩ ટકાની વૃદ્ધિ સાથે ૩૯૦૦૦ ડૉલરની નજીક પહોંચી ગયો છે. ઈથેરિયમ ૪.૬૦ ટકા વધીને ૨૭૨૬ ડૉલર, સોલાના ૬.૮૬ ટકાના વધારા સાથે ૯૧.૪૧, ટેરા ૧૧.૭૪ ટકા વધીને ૫૯.૨૦ ડૉલર અને અવાલાંશ ૧૦.૭૪ ટકા વધીને ૮૦.૬૭ ડૉલર પર પહોંચ્યા છે.

ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો ક્રિપ્ટોકરન્સીનો વિશ્વનો સર્વપ્રથમ ઈન્ડેક્સ - આઇસી૧૫ બુધવારે બપોરે ૪.૦૦ વાગ્યે ૨૪૬૧ પૉઇન્ટ (૪.૫૮ ટકા)ના વધારા સાથે ૫૬૨૫૦ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૫૩૭૮૯ ખૂલ્યા બાદ ઉપરમાં ૫૬૩૭૦ અને નીચામાં ૫૩૬૩૫ ગયો હતો.